### ભાજપે ઉત્તર ગુજરાતમાં ક્ષત્રિય ઠાકોર સેનાના

# રાજકારણને ખત્મ કરી દીધું હોવાનો ગણગણાટ ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરોમાં નિરાશા

લોકસભા-૨૦૧૯ ની ચૂંટણી પહેલા ભારે ઉથલપાથલ મચી હતી ભાજપ અને કોંગ્રેસમાં નેતાઓ અને કાર્યકર્તાઓએ કોંગ્રેસના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ અંગત સ્વાર્થ માટે ઉત્તર ગુજરાતમાં ભાજપની બી ટીમ તરીકે કામ કરી રહ્યા હોવાના ભાજપના કાર્યકરો અને અગ્રણીઓએ અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાને કદ પ્રમાણે વેતરી નાખ્યા હોવાની ચર્ચાએ જોર



રાજકીય પાટલીઓ બદલી હતી લોકસભાની ચૂંટણી લાડવા માંગતા ક્ષત્રિય ઠાકોર સેનાના કર્તાહર્તા અલ્પેશ ઠાકોર અને તેમનો ઝભ્ભો જાલી ફરતા ધવલસિંહ ઝાલાએ ભારે ધમપછાડા કર્યા પછી ટિકિટ ન મળતા અલ્પેશ ઠાકોરે કોંગ્રેસ પક્ષના તમામ પદો પરથી ક્ષત્રિય ઠાકોર સેનાની કોર કમિટીના કહ્યા પ્રમાણે રાજીનામુ ધરી દીધું હોવાનો આભાસ ઉભો કરી અલવિદા કરી દેતા વર્ષોથી કોંગ્રેસ પક્ષ સાથે જોડાયેલા ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો અને લોકસભાની ચૂંટણીમાં અલ્પેશ ઠાકોર અને બાયડના આક્ષેપ જે તે સમયે ઉઠ્યા હતા.

રાજ્યસભામાં ક્રોસ વોટિંગ કરી કોંગ્રેસમાંથી ધારાસભ્ય પદેથી રાજીનામુ ધરી દેનાર અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાએ કેસરિયો ધારણ કરતા તાજેતરમાં પૂર્ણ થયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપમાંથી ઉમેદવારી કરનાર રાધનપુર બેઠક પરથી અલ્પેશ ઠાકોર અને બાયડ વિધાનસભા બેઠક પરથી ધવલસિંહ ઝાલાનો કારમો પરાજય થતા બંને ની રાજકીય કારકિર્દી હાલક ડોલક બની છે બંને ક્ષત્રિય ઠાકોર સેનાના કર્તાહર્તાનો ભૂંડો પરાજય થતા ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો હોવાની સાથે ભાજપ અને પકડ્યું છે.

ઉત્તર ગુજરાતમાં ક્ષત્રિય-ઠાકોર સેનાના હોદ્દેદારો અને કાર્યકરોમાં ભાજપ ઉત્તર ગુજરાતના રાજકારણમાંથી ક્ષત્રિય-ઠાકોર સેના અને સમાજના પ્રભુત્વને ખતમ કરવા માંગતી હોવાનો ગણગણાટ શરુ થયો છે અને બંને ક્ષત્રિય ઠાકોર સમાજના યુવા નેતાઓ અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાના પગલે ચાલવા જતા સતત પક્ષપલ્ટાના પગલે સ્થાનિક રાજકારણમાં ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણીઓ અને કાર્યકર્તાઓની હાલત કફોડી બની હોવાનો અહેસાસ અનુભવી રહ્યા છે.

### અરવલ્લી જિલ્લામાં ફૂડ અને ડ્રગ્સ કચેરીના અભાવે

# નકલી માવાની મીઠાઈનો ધૂમ વેપલો, લોકોના આરોગ્ય સામે ચેડાં

અરવલ્લી જીલ્લાના નિર્માણને ૬ વર્ષનો સમયગાળો થયો હોવા છતાં અનેક મહત્વની કચેરીના અભાવે લોકોને સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર ખાતે સરકારી કામકાજ અર્થે ધરમધક્કા ખાવા પડતા હોવાથી સમય અને રૂપિયાનો વ્યય થઈ રહ્યો છે જીલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કચેરીના અભાવે અખાદ્ય પદાર્થ વેંચતા વેપારીઓને જાણે છૂટોદોર મળી ગયો હોય તેમ નકલી માવાની મિઠાઈઓના મસમોટા શો-રૂમ બનાવી કેટલાક વેપારીઓ લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ જિલ્લા વહીવટી તંત્ર પાસે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કચેરી માટે જગ્યાનો અભાવ હોવાના પગલે કાર્યરત થઈ શકી ન હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી જીલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ્સની કચેરી સત્વરે શરુ કરવામાં આવેની માંગ પ્રબળ બની છ.

દિપાવલીના તહેવારમાં મિઠાઈ તેમજ દૂધ અને દૂધની બનાવટોની માંગ વધુ રહે છે. આ તકનો લાભ લેવા માટે મોડાસા શહેરના કેટલાક પ્રખ્યાત વેપારીઓ દ્વારા ભેળસેળીયા માવાની ખરીદી કરી આ માવો દૂધમાંથી બનતો હોવાની જાહેરાતો કરી લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા



કરવામાં આવી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

જ્યાં આવા એકમો સામે તપાસમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા પણ આંખ મિંચામણા કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપો પણ ઉઠવા પામ્યા છે.અરવલ્લી જિલ્લા મથક મોડાસામાં દિપાવલીના તહેવારમાં મિઠાઇ, દૂધ અને દુધની બનાવટોની માંગ ઉઠવા પામી છે. જ્યાં નાના વેપારીઓએ બિલાડીના ટોપની જેમ દુકાનો લગાવી દીધી છે.

તેની સાથે સમગ્ર ઉત્તર ગુજરાતમાં મોટાપાયે મિઠાઈઓનું વેચાણ કરતા બ્રાન્ડેડ નામવાળા વેપારીઓ દ્વારા પણ પુષ્કળ પ્રમાણમાં મીઠાઈઓનું પ્રોડકશન કરવામાં આવી રહ્યું છે. જોકે આવેલી તકનો લાભ ઉઠાવી રાતોરાત નાણાં કમાવવા માટે આ બ્રાન્ડધારી વેપારીઓ દ્વારા બજારમાંથી ભેળસેળીયો માવો ખરીદવામાં આવતો હોવાની ચર્ચાઓ થઈ રહી છે.

અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મિઠાઈ તેમજ દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ કરતાં વેપારીઓ એવો દાવો કરે છે કે, મીઠાઇ તેમજ અન્ય ચિજવસ્તુઓમાં વપરાતો માવો તેમના ફાર્મમાં રાખેલા પશુઓના દુધમાંથી બનાવવામાં આવે છે. જોકે, જે પ્રમાણે ચિજવસ્તુઓનું ઉત્પાદન થઈ રહ્યું છે. તે જોતા આ બાબત શકય લાગતી જ નથી. તેમના દ્વારા બજારમાંથી ભેળસેળીયો માવો ખરીદી તેનો તેમની જુદીજુદી પ્રોડકટોમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરવામાં આવી રહ્યા છે. જોકે આ બાબતે જિલ્લાનું ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ પણ તપાસ કરવાના બદલે આંખ મિચામણા કરી રહ્યું છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સમયાંતરે આજુબાજુના વિસ્તારમાં દરોડા પાડી માવા સહિતના નમુના લઈ દેખાવપૂર્તિ કામગીરી કરતી હોવાની બૂમો અનેકવાર ઉઠી રહી છે પરંતુ મોટી બ્રાન્ડ ધરાવતાં વેપારીઓ સામે તપાસ કરવામાં આવતી નથી. જો, તપાસ થાય તો મોટા પ્રમાણમાં ભેળસેળ ઝડપાય તેવું લોકોમાં ચર્ચાઇ રહ્યું છે.

# હિંમતનગર જિલ્લામાં પશુપાલકોને દિવાળી ભેટ : કિલો ફેંટના ભાવમાં ૧૦નો વધારો

હિંમતનગર, તા. ૨૫

સાબરડેરી દ્વારા સાબરકાંઠા અને અરવલ્લીના પશુપાલકોને દૂધના પોષણક્ષમ ભાવ મળે તે આશયથી ગાય અને ભેંસના દૂધના ભાવમાં વધારો કરવાનો નિર્ણય કરીને તેને તા. ૨૫ ઓક્ટોબરને ધનતેરસથી અમલી બનાવવાનો પરીપત્ર બંને જિલ્લાની દૂધ મંડળીઓને મોકલી અપાયો છે. જે મુજબ ભેંસના દૂધના ભાવમાં રૂ. ૧૦ જ્યારે ગાયના દૂધના ભાવમાં પણ રૂ. ૧૦ વધારો કરાશે.

આ અંગે સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ અને એમ.ડી. ડૉ. બી.એમ. પટેલના જણાવાયા મુજબ બે વર્ષ અગાઉ દૂધના ધંધામાં આવેલી મંદીને લઈ પશુપાલકો માટે પશુપાલનનો વ્યવસાય મોંઘો પડતો હતો. પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં દૂધની બનાવટોના ભાવ વધતા તેનો સીધો ફાયદો દૂધ ઉત્પાદકોને મળે તે માટે સાબરડેરીના સત્તાવાળાઓએ જાગૃતી દાખવીને છેલ્લા સાતેક મહિનામાં દૂધના ભાવમાં ક્રમશઃ વધારો કર્યો છે. અગાઉ દૂધના ભાવ ખુબજ ઓછો હોવાને કારણે દૂધ ઉત્પાદકો બુમરાણ મચાવતા હતા.

તો બીજી તરફ સાબરડેરી દ્વારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકોના હિતની ચિંતા કરીને ગાય અને ભેંસના દૂધના ભાવમાં અત્યાર સુધીમાં સાબરડેરી દ્વારા ૬ વખત દૂધના ભાવમાં અંદાજે રૂ. ૧૧૦નો કિલોફેંટના ભાવમાં વધારો કરી દેવાયો છે. અત્યારે દૂધ ઉત્પાદકોને ભેંસના દૂધનો ભાવ પ્રતિકિલો ફેંટના રૂ. ૭૦૦ અને ગાયના દૂધનો ભાવ રૂ. ૬૬૦ ચુકવાય છે. પરંતુ આગામી તા. ૨૫ ઓક્ટોબરને ધનતેરસના દિવસથી દૂધના ભાવમાં દસ રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય કરીને તે અંગે પરીપત્ર મારફતે બંને જિલ્લાઓની ડેરીઓના સત્તાવાળાઓને જાણ કરી દેવાઈ છે. જેથી ભાવમાં દસ રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય કરીને તે અંગે પરીપત્ર મારફતે બંને જિલ્લાઓની ડેરીઓના સત્તાવાળાઓને જાણ કરી દેવાઈ છે. જેથી ધનતેરસના દિવસથી ભેંસના દૂધના ભાવ રૂ. ૭૧૦ અને ગાયના દૂધનો ભાવ રૂ. ૬૭૦ કિલોફેંટ મુજબ ચુકવાશે.

સાબરડેરીના નવા નિયામક મંડળની રચના થયા બાદ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકોની આર્થિક સ્થિતિ વધુ સદ્ધર બને તે આશયથી અગાઉના વર્ષોની જેમ જ ભાવફેરની રકમ ચુકવવા માટે પ્રયાસ કરાયા છે. જેના લીધે દૂધ ઉત્પાદકોને ચોમાસા અગાઉ ચુકવાયેલી ભાવફેરની રકમ મળી છે તે સંતોષકારક હોવાનું અનેક દૂધઉત્પાદકોનું કહેવુ છે. હાલ બજારમાં અમુલના નામે વેચાતી દૂધની બનાવટો ખુબજ લોકપ્રિય અને ગુણવત્તાસભર હોવાથી ગ્રાહકો તેના પર પ્રથમ પસંદગી ઉતારતા હોવાથી આખરે તો દૂધ ઉત્પાદકોને ફાયદો થઈ રહ્યો છે.



## આંગણ લીંપણની પરંપરા..

આજના હાઈફાઈ યુગમાં આર્ય સંસ્કૃતિની અનેક આગવી અને ઉપયોગી પરંપરાઓ લુપ્ત થતી જાય છે તેમછતાં ગામડાની ભોળી પ્રજા લુપ્ત થતી ભાતીગળ પરંપરાઓને જાળવી રાખવાના નિષ્ઠાપૂર્વક પ્રયાસો કરે છે રોશનીનો તહેવાર દીવાળી નજીક આવતા મહિલાઓ ઘરની સાફ સફાઈ કરી આંગણું છાણ-માટીથી લીંપે છે જેથી સ્વચ્છતા ત્યાં પ્રભુતા ઉક્તિ મુજબ નવા વર્ષે પણ ઘરમાં લક્ષ્મી સાથે મહેમાનોની પાવન પધરામણી થાય છે જે માન્યતા આજે પણ સાચા અર્થમાં વર્ષ દરમિયાન ફળીભૂત થાય છે.

# અમરેલીમાં ૩ ઈંચ વરસાદથી મગફળીના પાકને નુકસાન

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લામાં મેઘકહેરથી ખેડૂતોના મોમાં આવેલો કોળીયો છીનવાઈ ગયો છે. અમરેલીના સાવરકુંડલા ગ્રામીણ પંથકમાં બે દિવસ પહેલા પડેલા બે ત્રણ ઈંચ વરસાદથી ખેડૂતોના મગફળીના પાથરા પલળી ગયાને ખેડૂતોની દિવાળી બગડી છે. ત્યારે ખેડૂતોના પાકને નુકશાની માટે ખેતીવાડી વિભાગના સર્વે ટિમ લઈને ધારાસભ્ય પ્રતાપ દુધાત બાઢડા, રામગઢ, ધજડી ગામોમાં વાડીઓમાં સર્વે કરાવવા નીકળ્યા હતા.

ત્રણ દિવસ પહેલા કમોસમી મેઘ કહેરથી બાઢડા, રામગઢ, ધજડી સહિતના ગામડાઓમાં બે ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબકતા વાડીઓમાં દિવાળી ટાણે ખેડૂતોએ વેચવા કાઢેલી મગફળીના પાથરાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા તો ખેડૂતોને સારા પાકની આશાઓ પર ઈશ્વર મેઘરૂપી કહેરથી ખેડૂતોની આશાઓ વરસાદી પાણીમાં નાશ પામી હતી. ત્યારે સાવરકુંડલાના ધારાસભ્ય પ્રતાપ દુધાત આવા અસરગ્રસ્ત ગામડાઓની મુલાકાતે ખેતીવાડી વિભાગના સર્વે અધિકારીઓને સાથે લઈને જાત તપાસ કરવા પહોંચ્યા હતા.

ખેડૂતોના મગફળીના ઉભા પાથરાઓ પાણીમાં કાલા પડી ગયા હતા તો મગફળી સાથે પશુઓનો પાલો પણ નાશ થતા ખેડૂતોની દિવાળી બગડી હતી. ખેડૂતોને મોમાં આવેલો કોળીયો છીનવાયો છે. ત્યારે ખેડૂતોની વ્હારે કોંગી ધારાસભ્ય દુધાત ખેતીવાડી અધિકારીઓને સાથે લઈને વાડીઓ ખૂંદી હતી. મગફળીના પલળી ગયેલા પાથરાઓ જાતે અધિકારીઓને બતાવીને ખેડૂતોને ન્યાય અપાવવા મેદાનમાં આવ્યા હતા. ખેડૂતોના હિતો માટે સરકાર સામે રાજકારણથી ઉઠીને ખેડૂતો માટે સાથે મળીને મદદ કરવાની અપીલ ધારાસભ્ય દુધાતે કરી હતી.



## વડગામ તાલુકાના વરસડા ખાતે સેવાસેતુ યોજાયો

વરસડા ખાતે વડગામ તાલુકાના નવ ગામોનો સેવા સેતુ કાર્યક્રમ વડગામ મામલતદાર આર.સી. ઠાકોર ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.જેમાં વડગામ ધારાસભ્યશ્રી જીજ્ઞેશ મેવાણી, વડગામ જિલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સકસેના સહિત વરસડા ગામ પંચાયત સરપંચશ્રી ધનરાજ ભાઈ પટેલ તેમજ આઈ.સી.ડી.એસ.ની બહેનો, આરોગ્ય નો સ્ટાપ સહીત હાજર રહી નવ ગામોમાં થી ઉપસ્થિત લાભાર્થીઓ ને આવક જાતિના દાખલા આધારકાર્ડ રેશન કાર્ડ માં નવા નામ દાખલ કરવા કમી કરવા સહિતની કામગીરી કરવામાં આવી હતી.

# ડીસા રૂરલ પોલીસે વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપી

કંસારી ટોલનાકા પાસે વાહન ચેકીગમા હતા દરમ્યાન કંસારીથી સમશેરપુરા જતા કાચા રસ્તામા સ્વીફટ ડીઝાયર ગાડીના ચાલકે પોતાની કબ્જાની ગાડીમા ગે.કા. અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ/બિયરની કુલ બોટલો નંગ-૩૪૦નો રાખી હેરાફેરી કરી તથા સ્વીફટ ડીઝાયર ગાડીની એમ મળી કુલનો પ્રોહી મુદામાલ પકડી સ્વીફટ ડીઝાયર ગાડી ચાલક વિરૂધ્ધમાં ડીસા રૂરલ પો.સ્ટે. પ્રોહીબીશન એકટ મુજબ કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.

# કમોસમી વરસાદથી ડાંગરના પાકને નુકશાન થતા ખેડૂતનો આપઘાત

નવસારી,તા.૨૫

રાજ્યમાં દિવાળી ટાણે જ વરસી રહેલા કમોસમી વરસાદે એક ખેડૂતનો ભોગ લીધો છે. નવસારીના ખેરગામમાં એક ખેડૂતો કમોસમી વરસાદના કારણે ડાંગરના પાકમાં નુકશાની જતા આત્મહત્યા કરી લીધી હતી. ડાંગરનો તૈયાર પાક કમોસમી વરસાદના કારણે ધોવાઈ જતા ખેરગામના અજય રતિલાલ પટેલે ઔરંગા નદી પરથી ઝંપલાવ્યું હતું. ખેડૂતે આત્મહત્યા કરી લીધી હોવાની વિગતો વાયુવેગે પ્રસરી જતા આસપાસના વિસ્તારમાંથી લોકોના ટોળે ટોળા એકઠાં થઈ ગયા હતા.

બનાવની વિગત એવી છે કે ખેરગામના ખેડૂત અજય પટેલે પોતાના ભાઈને ફોન કરીને જણાવ્યું હતું કે ખેતીમાં નુકશાન થતા તે દેવું ચુકવી શકે તેમ નથી આથી આત્મહત્યા કરવા જઈ રહ્યો છે. આ ફોન બાદ તેની કાર પુલ પાસે મળી આવી હતી. ખેડૂત અજય પટેલે ડાંગરના પાકમાં નુકશાની ગઈ હોવાનું જણાવી આ પગલું ભર્યુ હતું.

આ બનાવના પગલે પોલીસ તેમજ ફાયર બ્રિગેડ દ્વારા નદીમાં લાશકરો ઉતારીને મૃતદેહની શોધખોળ કરવામાં આવી હતી. જવાનો લાઈફ જેકેટ પહેરીને નદીમાં ઉતર્યા હતા અને ખેડૂતની લાશ શોધવા જહેમત ઉઠાવી હતી.

અજય રતિલાલ પટેલ નામના ખેડૂતે આ પગલું ભરતાં પહેલાં પોતાના ભાઈને લેણદારોના નવામ અને તેમને ચુકવવાની રકમ લખી એક સુસાઈડ નોટ લખી હતી. પોલીસને ઘટના સ્થળેથી એક સુસાઈડ નોટ મળી આવી છે. નદીમાં લાંબી શોધખોળ બાદ અજય પટેલનો મૃતદેહ મળી આવતા પોલીસે આગળની કાર્યવાહી કરી હતી.

### દ્વારકામાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના, દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી

# અરબી સમુદ્રમાં લો પ્રેશર સર્જાતા વલસાડના દરિયામાં કરંટ

અમદાવાદ,તા.૨૫

દિવાળીના તહેવારની એક તરફ ઉજવણીને લઈને હર્ષોલ્લાસમાં છે ત્યારે અચાનક જ વાતાવરણમાં પલટો આવતા હવામાન વિભાગે આગામી ૫ દિવસમાં રાજ્યમાં સામન્યથી હળવા વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લાઓમાં વરસાદની પડી શકે છે. ત્યારે અરબી સમુદ્રમાં લો પ્રેશર સર્જવાને કારણે સંભવિત સાઈક્લોનની ભીતિ સેવાઈ રહી છે. જેને લઈને વલસાડના તિથલ દરિયાકિનારે દરિયામાં કરંટ જોવા મળ્યો છે.

અરબી સમુદ્રમાં સર્જાયેલું લો પ્રેશર વાવાઝોડામાં પરિવર્તિત થાય તેવી વકી છે. દક્ષિણ-પશ્ચિમ મુંબઈથી ૪૯૨ કિમી દૂર સમુદ્રમાં ડિપ ડિપ્રેશન સક્રિય થયું છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા લો પ્રેશરને લઈ રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં એનડીઆરએફની ટીમને એલર્ટ પર રાખવામાં આવી છે. સંભવિત સાયક્લોનને લઈને ગુજરાત તંત્ર એલર્ટ પર છે. ત્યારે વાવાઝોડાની શક્યતાને પગલે દ્વારકાના મત્સય ઉધ્યોગ વિભાગના અધિકારીઓએ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે. દ્વારકના સાયલા, વાડિનાર, ભોગત, નાવદ્રા બેટના બંદરોને દરિયો ન ખેડવા તાકીદ કરાઈ છે.

તો બીજી તરફ વલસાડના તિથલ દરિયાકિનારે દરિયામાં કરંટ જોવા મળ્યો છે. અરબી સમુદ્રમાં લો પ્રેશર સર્જવાને કારણે સંભવિત સાઈકલોનની ભીતિ સેવાઈ રહી છે. સંભવિત સાઈકલોનને લઈ જિલ્લા વહીવટી તંત્ર સતર્ક થઈ ગયું છે. દક્ષિણ ગુજરાતમાં ૨ એન.ડી.આર.એફની ટિમ ખડકી દેવાઈ છે. ત્યારે જિલ્લા કલેક્ટરે માછીમારોને દરિયો ન ખેડવા ટ્વિટ કરી જમાવ્યું હતું.

# કર્મચારી પર મેલુ નાખી અજાણ્યા શખ્શો દ્વારા ૬૦૦ ગ્રામ સોનાની લૂંટ

અમદાવાદ,તા.૨૫

ધનતેરસના દિવસે માતા લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે. ત્યારે અમદાવાદના માણેકચોક વિસ્તારમાં વેપારીનું ૬૦૦ ગ્રામ સોનું લૂંટાયું હોવાનો બનાવ બન્યો છે. ગુરુવારે મોડી રાત્રે બનેલા બનાવમાં અજાણ્યા શખ્સો કારીગર પર મેલુ નાખીને આશરે ૨૩ લાખનું સોનું લૂંટીને ફરાર થઈ ગયા હતા. કારીગર આ સોનાને લઈને એક્ટિવા પર જઈ રહ્યો હતો. આ દરમિયાન બાઈક પર આવેલા બે શખ્સોએ કારીગરના શરીર પર કંઈક પડ્યું છે તેમ કહીને નજર ચૂકવી દીધી હતી.

મળતી માહિતી પ્રમાણે માણેકચોક વિસ્તારમાં મોડી રાતે સોનાના બુલિયનના કર્મચારી પાસેથી ૬૦૦ ગ્રામ સોનાની લૂંટ ચલાવવામાં આવી હતી. ચોરાયેલું સોનું લગડી અને બિસ્કિટ સ્વરૂપમાં હતું. કર્મચારી સોનું લઈને જઈ રહ્યો હતો ત્યારે કોઈ અજાણ્યા શખ્સોએ તેના પર મેલુ નાખી દીધું હતું. આ કારણે કર્મચારીએ પોતાનું વાહન ઉભું રાખી દીધું હતું. આ જ સમયે બે અજાણ્યા શખ્સો બાઈક પર આવ્યા હતા અને તેની નજર ચુકવીને સોનું ભરેલો થેલો લઈને ફરાર થઈ ગયા હતા. આ મામલે વેપારીએ ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી છે.

ફરિયાદ પ્રમાણે ગુલબાઈ ટેકરા ખાતે રહેતા કાંતિ અમૃતલાલ ગુરુવારે રાત્રે માણેકચોકમાં આવેલા મેહુલ બુલિયનમાંથી સોનાના છ બિસ્કિટ અને ૧૧ લગડીઓનો લઈને ઓફિસ તરફ જવા નીકળ્યા હતા. આ દરમિયાન તેઓ રંગાટી બજાર પાસે પહોંચ્યા ત્યારે અચાનક તેમને ખંજવાળ આવવા લાગી હતી. જે બાદમાં તેમણે પોતાનું વાહન ઉભું રાખ્યું હતું. આ દરમિયાન એક અજાણ્યા શખ્સે આવીને તેમના શરીર પર પાણીની બોટલ ઢોળી દીધી હતી. વેપારી શરીર પરથી પાણી સાફ કરી રહ્યા હતા ત્યારે જ ગઠિયા સોનું લઈને ફરાર થઈ ગયા હતા.

## ભૂમાફિયા જયેશ પટેલ સામે ફરિયાદ નોંધાઈ, પોલીસે રેડ કોર્નર નોટીસ જાહેર કરી

જામનગરમાં ભૂમાફિયા જયેશ પટેલ દ્વારા કરોડોની જમીન પચાવી પાડવાનો મામલો સામે આવ્યા છે. ત્યારે કરોડો રૂપિયાની જમીન પચાવી પાડવા મામલે ૩ અલગ અલગ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. જેને લઈને જયેશ પટેલા વિરૂદ્ધ રેડ કોર્નર નોટીસ પણ જાહેર કરાવમાં આવી છે. તેમજ સાથે સાથે પોલીસે તેને ભાગેડુ પણ જાહેર કર્યો છે.

જામનાગરમાં કુખ્યાત ભૂમાફિયા જયેશ પટેલ તેમજ તેના વકીલ વિરૂદ્ધ જમીન પચાવી પાડવા મામલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ભૂમાફિયા જયેશ પટેલ સામે ૩ જુદી જુદી ફરિયાદ નોંધાઈ છે. જેમાં ૭.૫ કરોડ, ૧૦ કરોડ અને ૧૨.૫ કરોડ રૂપિયા એમ કુલ ૩૦ કરોડ રૂપિયાની જમીન પચાવી પાડવા મામલે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

જામનગરના ગ્રીન સીટી વિસ્તારમાં કરોડોની જમીન પચાવી પાડવા મામલે જયેશ પટેલ વિરૂદ્ધ રેડ કોર્નર નોટીસ જાહેર કરવામાં આવી છે.